# વૈદિક યુગનું ધાર્મિક જીવન

ડો.ગીતા ડી.મારુ
અધ્યાપક સહાયક,
એમ.બી.કોમર્સ & જી.એમ.એન.લાલજી આર્ટ્સ કોલેજ, દહેગામ

# પ્રસ્તાવના.

- વૈદિક યુગનું ધાર્મિક જીવન તથા ધાર્મિક માન્યતાઓ તેઓના ભૌતિક જીવનથી પ્રભાવિત હતી. આર્યોની પ્રારંભિક સ્થિતિ અસ્થાયી અને કબિલાઓ વાળી હતી, જેની અસર તેઓની ધાર્મિક માન્યતાઓ ઉપર પણ થતી હતી.
- ઋગ્વેદમાં "ઋત"ની અવધારણા આપવામાં આવી છે. જે પ્રમાણે ઋત એ સૃષ્ટિની નિયમિતતા અર્થાત સાર્વત્રિકતા (Universal Truth) અર્થાત સત્યતા અર્થાત ભૌતિક અને નૈતિક વ્યવસ્થા વગેરે અનેક રીતે ઋતને સમજાવવામાં આવ્યો છે.
- આ જ ઋત એ આર્યોની ધાર્મિક માન્યતાઓ અને તેઓના ધાર્મિક જીવનની કેન્દ્રબિંદુ સમાન મહત્વની કડી બની.

# વૈદિક યુગના ધાર્મિક જીવનની મુખ્ય લાક્ષણિકતાઓ.

1. પ્રકૃત્તિપૂજા અને વિવિધ દેવતાઓ.
2. એકેશ્વરવાદનું તત્વ.
3. યજ્ઞપ્રધાન ધર્મ.
4. ધાર્મિક માન્યતાઓ.
5. ચારિત્રનિર્માણની ભાવના.

# પ્રકૃત્તિપૂજા અને વિવિધ દેવતાઓ.

- આર્યોનું પ્રારંભિક જીવન કબીલાઈ વ્યવસ્થા પર આધારિત હતું તેથી તેમના દેવતાઓ પણ પ્રાકૃતિક શક્તિના પ્રતિક હતા.
- યાસ્કે પોતાના ગ્રંથ “નિરુક્ત”માં ઋગ્વૈદિક દેવતાઓની યાદી બનાવી છે. જે મુજબ ઋગ્વૈદિક દેવતાઓની સંખ્યા 33 છે. તેઓને ત્રણ વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યા છે.

1. આકાશ પર રહેનારા દેવતાઓમાં દ્યૌ, સૂર્ય, વરુણ, મિત્ર, પુષન, વિષ્ણુ, ઉષા, અશ્વિન, સવિતા, અદિતિ વગેરે.
2. વાતાવરણમાં રહેનારા દેવતાઓમાં ઇન્દ્ર, મરુત, રુદ્ર, વાયુ, પર્જન્ય, આપ વગેરે.
3. પૃથ્વી પર રહેનારા દેવતાઓમાં અગ્નિ, સોમ, પૃથ્વી, બૃહસ્પતિ, સરસ્વતી, અરણ્યાની વગેરે.

# આકાશ પર રહેનારા દેવતાઓ,

- ધૌ: આ આર્યોના પ્રાચીન અને પિતાતુલ્ય દેવતા છે. તેઓને વૃષભના સ્વરૂપમાં પ્રદર્શિત કરવામાં આવે છે.
- સૂર્ય: એ સમસ્ત વિશ્વના રક્ષક છે તથા તેજસ્વી ઘોડાના સ્વરૂપમાં તેમને પ્રદર્શિત કરવામાં આવ્યા છે.
- મિત્ર: એ ઉદય પામતા સૂર્યને કહેવામા આવે છે.
- ઉષા: સૂર્યોદય પહેલાનો સમય એ ઉષા છે.
- સવિતા: સૂર્યનું ચમકતું સ્વરૂપ. ગાયત્રીમંત્ર સવિતાને સમર્પિત છે.
- અશ્વિન: એ આર્યોના ચિકિત્સક દેવ હતા. તેઓએ આર્યોના ઉપચાર કર્યો હતો.
- વરુણ: ને જળ કે સમુદ્રનો દેવતા માનવામાં આવે છે. આને ઋત અર્થાત પ્રાકૃતિક સંતુલનનો રક્ષક ગણવામાં આવે છે.
- પુષન: એ વનસ્પતિ અને ઔષધીઓનો દેવતા હતો. તેના રથને બકરાઓ ખેંચતા હતા.
- વિષ્ણુ: વિષ્ણુના ત્રણ પગલાઓનો ઉલ્લેખ વેદમાં છે. વિષ્ણુ દ્વારાજ આકાશની સ્થિરતા મળી હતી.
- અદિતિ: સર્વશક્તિમાન પ્રકૃત્તિની દેવી.

# વાતાવરણમાં રહેનારા દેવતાઓ.

- ઇન્દ્ર: ઇન્દ્ર એ આર્યોનો સૌથી મહત્વપૂર્ણ પ્રતાપી દેવતા કહેવાય છે. તે શત્રુઓના કિલ્લાઓને તોડનાર તરીકે ઓળખાય છે. તેના 250 શુકતો રચાયા છે.
- મરુત: એ વાવાઝોડા કે વંટોળ તોફાનનો દેવતા હતો.
- રુદ્ર: એ ક્રોધના દેવતા અને શિવનું પ્રારંભિક સ્વરૂપ માનવામાં આવે છે.
- પર્જન્ય: વર્ષા અને નદીના દેવતા.
- આપ: સૃષ્ટિ કરવા વાળો દેવતા.

# પૃથ્વી પર રહેનારા દેવતાઓમાં.

- અગ્નિ; અગ્નિ દેવતાનું સ્થાન ઇન્દ્ર પછી બીજા નંબરે આવે છે. અગ્નિ માનવો અને દેવતા વચ્ચે મધ્યસ્થિનું કાર્ય કરે છે. ઋગ્વેદનો પ્રથમ મંત્ર અગ્નિની સ્તુતિથી પ્રારંભ થાય છે.
- સોમ: વનસ્પતિનો અધિપતિ માનવામાં આવ્યો છે. ઋગ્વેદનું 9 મુ મંડળ આખું સોમદેવને સમર્પિત છે.
- બૃહસ્પતિ: યજ્ઞના દેવતા હતા.
- સરસ્વતી: જ્ઞાનની દેવી હતી.
- અરણ્યાની: જંગલની દેવી હતી.

# એકેશ્વરવાદનું તત્વ.

- આર્યો અનેક દેવી દેવતા માનનારા હતા, છતાં ઈશ્વર એકજ છે તેવી અતૂટ ભાવના તેઓ ધરાવતા હતા.
- પ્રકૃતિના દરેક શક્તિશાળી તત્વોને દેવી દેવતાનું સ્વરૂપ આપવામાં આવ્યું હતું.
- આ દુનિયાના તમામ પ્રાકૃતિક તત્વોમાં અખૂટ શક્તિ રહેલ છે અને આ શક્તિ તેઓનું સારૂજ કરે તેવી ભાવના સાથે તેઓ પ્રકૃતિના આ તમામ શક્તિશાળી સ્વરૂપો (વાયુ, જળ, પૃથ્વી, અગ્નિ અને આકાશને) તેઓના અલગ અલગ સ્વરૂપમાં પૂજતા હતા.
-

# યજ્ઞપ્રધાન ધર્મ.

- આર્યોનો વૈદિક ધર્મ યજ્ઞપ્રધાન હતો. જીવનના દરેક ક્ષેત્રે અને દરેક તબક્કે યજ્ઞોનું અતિશય મહત્વ હતું. યજ્ઞોનું એટલું બધુ મહત્વ હતું કે આખો વેદ “યજુર્વેદ” રચાઇ ગયો.
- યજ્ઞો બે પ્રકારના હતા.

1. સાદા યજ્ઞો; જે સમાજના રોજ-બરોજના કામો સાથે સંકળાયેલા હતા. જેમ કે બાળકનો જન્મ, લગ્ન, અનાજની વાવણી, ઉત્સવો વગેરે માટે થતાં.
2. ભવ્ય અને મોટા યજ્ઞો; જેમાં રાજસૂય, સોમ, અશ્વમેધ, વાજપેય, વગેરે યજ્ઞનો સમાવેશ થતો હતો. જે અત્યંત ખર્ચાળ અને લાંબા સમય સુધી ચાલનારા હતા.

# ધાર્મિક માન્યતાઓ.

- આર્યો પુનર્જન્મની માન્યતામાં વિશ્વાસ ધરાવતા હતા.
- આર્યો આત્માના અસ્તિત્વને સ્વીકારતા હતા.
- તેઓ સત્કર્મો, દુષ્કર્મો અને તેના ફળમાં માનતા હતા.
- તેઓ સ્વર્ગ અને નર્કમાં પણ વિશ્વાસ રાખતા હતા.
- ધર્મ યજ્ઞ પ્રધાન હતો તેથી મંદિરો અને મૂર્તિપૂજાનો અભાવ હતો.
- મૃતક સંસ્કાર માટે અગ્નિદાહ અને દફનાવવાની પદ્ધતિઓ પ્રચલિત હતી.

# ચારિત્ર્ય નિર્માણની ભાવના.

- આર્યો ચારિત્ર્ય નિર્માણ અને નીતિમત્તાની ભાવના ધરાવતા હતા.
- તેઓ પ્રમાણિકતાને ઘણુંજ સન્માન આપતા હતા. તેઓ પોતાના પાપ-પુણ્ય માટે ઘણાંજ સભાન હતા.
- આર્યો પોતાના સત્કર્મો માટે ઘણાં બધા પ્રકારના ઉપાયો કરતાં હતા. જેમાં યજ્ઞો, દાન, અને સ્તુતિઓ સામેલ હતી.